# નવાપુરા પ્રાથમિક શાળા



નવાપુરા (ઉંદેલ) તા. ખંભાત જિઃ આણંદ

# જોડકણાં સંગ્રહપોથી


**સંકલન**

રાજેશ પટેલ

મદદનીશ શિક્ષક

નવાપુરા પ્રાથમિક શાળા

તા. ખંભાત જિલ્લો: આણંદ

એક કહેતાં ઊભા થઈએ,
બે કહેતાં બેસી જઈએ,
ત્રણ કહેતાં પાડો તાળી,
ચાર કહેતાં ચણા ખાઈએ,
પાંચ કહેતાં પંજો ગણીએ,
છ કહેતાં છત્રી ઓઢીએ,
સાત કહેતાં સાતતાળી રમીએ,
આઠે અડકો દડકો રમીએ,
નવ કહેતાં નાવ હાંકીએ,
દસ બોલીને દર્શન કરીએ.

ઘઉંની થાય રોટલી,
બીજી થાય પુરી,
ત્રીજી થાય ઢોકળી,
ચોથી થાય પૂરણપોળી,
પાંચમી થાય ભાખરી,
છઠ્ઠો થાય શીરો,
સાતમી થાય લાપસી,
આઠમી થાય સેવ,
નવમી થાય સુખડી,
દસમા થાય લાડવા.

મામાનું ઘર કેટલે ?
દીવા બળે એટલે,
દીવા મેં તો દીઠા,
મામા લાગે મીઠા,
તાળી વગાડે છોકરાં,
મામા લાવે ટોપરાં,
ટોપરાં તો ભાવે નહિ,
મામા ખારેક લાવે નહિ,
મામી મારી ભોળી,
મીઠાઈ લાવે મોળી,
મોળી મીઠાઈ ભાવે નહિ,
રમકડાં તો લાવે નહિ,
મામે સામું જોયું,
મારું મનડું મોહ્યું.

શિયાળે ટાઢ,
ગોદડાં કાઢ,
ટાઢ ટાઢ કરીએ નહીં,
ટાઢનાં માર્યાં મરીએ નહીં.

ઉનાળે તાપ,
પંખો આપ,
ઊની ઊની લૂ વાય,
બાબો નળની નીચે ન્હાય.

ચોમાસે પાણી,
છત્રી આણી,
છત્રી છે રૂડી,
કાગડો થઈ ઊડી.

| | |
|---|---|
| એક હતો એકડો,<br>તાણે મોટો ભેંકડો,<br>બે એટલે બગડો,<br>બગડો તો જબરો,<br>ત્રણ એટલે તગડો,<br>તગડો તો તગડો,<br>ચાર એટલે ચોગડો,<br>મોટો મોટો ચોગડો,<br>પાંચ એટલે પાંચડો,<br>જંગલમાં તો માંકડો,<br>છ એટલે છગડો,<br>વાંકોચૂંકો છગડો,<br>સાત એટલે સાતડો,<br>કબૂતર ને કાગડો,<br>આઠ એટલે આઠડો,<br>બેસવાનો બાંકડો,<br>નવ એટલે નવડો,<br>નવરાત્રીનો દીવડો,<br>દસ એટલે દસ,<br>બસ... બસ... બસ... | આ દાતરડું કેવું છે?<br>ઘાસ કાપે એવું છે.<br>એ ઘાસ કેવું છે?<br>ગાય ખાય એવું છે.<br>એ ગાય કેવી છે?<br>દૂધ આપે એવી છે.<br>એ દૂધ કેવું છે?<br>દહીં થાય એવું છે.<br>એ દહીં કેવું છે?<br>છાશ થાય એવું છે.<br>એ છાશ કેવી છે?<br>માખણ થાય એવી છે.<br>એ માખણ કેવું છે?<br>ઘી થાય એવું છે.<br>એ ઘી કેવું છે?<br>લાડવા થાય એવું છે.<br>એ લાડવા કેવા છે?<br>બંદા ખાય એવા છે. |
| દીવાળીના દિવસોમાં,<br>ઘર ઘર દીવા થાય.<br>ફટાકડા તો ફટ ફટ ફૂટે,<br>બાળક બહું હરખાય. | સવારના પહોરમાં બાપુ,<br>પહેલાં વાંચે છાપું,<br>છાપું વાંચે સડસડાટ,<br>ચાનો બોલે ગડગડાટ. |

## ચાંદો સૂરજ રમતા'તા.

ચાંદો સૂરજ રમતા'તા,
રમતાં રમતાં કોડી જડી.
કોડીનાં મેં ચીભડાં લીધાં,
ચીભડે મને બી દીધાં.

બી મે વાડમાં નાખ્યાં,
વાડે મને વેલો આપ્યો,
વેલો મેં ગાયને આપ્યો,
ગાયે મને દૂધ આપ્યું.

દૂધ મેં મોરને પાયું,
મોરે મને પીંછું આપ્યું.
પીંછું મેં બાદશાહને આપ્યું,
બાદશાહે મને ઘોડો આપ્યો.

ઘોડો મેં બાવળે બાંધ્યો,
બાવળે મને શૂળ આપી.
શૂળ મેં ટીંબે ખોસી,
ટીંબે મને માટી આપી.

માટી મેં કુંભારને આપી,
કુંભારે મને ઘડો આપ્યો.
ઘડો મેં કૂવાને આપ્યો,
કૂવાએ મને પાણી આપ્યું.

પાણી મેં છોડને પાયું,
છોડે મને ફૂલ આપ્યાં.
ફુલ મેં બાને આપ્યાં,
બાએ મને લાડવો આપ્યો.

એ લાડવો હું ખાઈ ગયો,
ને આવડો મોટો થઈ ગયો.

આવ રે વરસાદ,
ઘેબરીઓ પરસાદ,
ઊની ઊની રોટલી,
ને કારેલાનું શાક.
આવ રે વરસાદ,
નેવલે પાણી,
નઠારી છોકરીને,
દેડકે તાણી.

એક હતી શકરી,
એણે પાળી બકરી.
શકરી ગઈ ફરવા,
બકરી ગઈ ચરવા.
ફરીને આવી શકરી,
ભાળી નહિ બકરી.
રડવા લાગી શકરી, એં...એં...એં...
આવી પહોંચી બકરી, બેં..બેં...બેં..

ચણ ચણ બગલી ચણાની દાળ,
ઠેકો માર્યો ઠુમકદાર,
શેરીએ શેરીએ ઝાંખા દીવા,
આવ રે કાગડા કઢી પીવા.
મારામાં કાંકરી ખૂંચે છે.
ગણ ગણ ગાંઠીયા તેલની પળી,
ઊઠ રે લાલિયા ઝૂંપડી બળી,
બળતી હોય તો બળવા દે ને,
ઠરતી હોય તો ઠરવા દે,
આવ રે કાગડા કઢી પીવા.

વારતા રે વારતા,
ભાભો ઢોર ચારતા,
ચપટી બોર લાવતા,
છોકરાં સમજાવતા,
એક છોકરો રિસાણો,
કોઠી પાછળ ભીંસાણો,
કોઠી પડી આડી,
છોકરે ચીસ પાડી,
અરરરર માડી.

કાળી ધોળી રાતી ગાય,
પીએ પાણી ચરવા જાય,
ચાર પગ ને આંચળ ચાર,
વાછરડાં પર હેત અપાર.
પાછળ પૂંછડા પર છે વાળ,
તેથી કરે શરીર સંભાળ,
કાન શિંગ, બે મોટી આંખ,
પૂંછડાથી ઉડાડે માખ.
નરમ રુવાંટી લિસ્સું અંગ,
ગેલ કરે વાછરડાં સંગ,
દૂધ તેનું ધોળું દેખાય,
સાકર નાખી હોંશે ખાય.
દહીં માખણ ઘી તેનાં થાય,
તેથી બહુ ઉપયોગી ગાય.

એક હતા ડોશીમા
ને એક હતો દેડકો,
તેડી તેડી ડોશીમાએ
કરી મુક્યો તેડકો,
આજે નહી ને કાલે નહી,
કેમે કરીને ચાલે નહી,
દેડકાભાઈ તો ખોદ્દા,
ચાલવાના ચોદ્દા,
ડોશીમા તો થાક્યા,
તળાવમાં જઈ નાખ્યા,
ડ્રાઉં ડ્રાઉં બોલે,
પાણી ઢંઢોળે,
દેડકાભાઈની વલે થઈ,
ભલે થઈ, ભાઈ ! ભલે થઈ.

કારતકમાં દેવદિવાળી,
કાનો જમતો સુંવાળી,
માગસરમાં ટાઢ વાય ટાઢી,
કાનાની ડગમગ દાઢી,
પોષે નભ ઊડે પતંગ,
મહા મહિનો શિવને સંગ,
ફાગણમાં રંગો રોળ્યા,
ચૈતરમાં રામને ખોળ્યા,
વૈશાખે ભોજન રસનાં,
જેઠે રે ઢોલ લગનનાં,
અષાઢે વાદળ ઘનઘોર,
શ્રાવણમાં ગોવિંદ જન્મ્યા,
ભાદરવે જય ગણપતિનો,
આસોમાં જય અંબાનો.

એક બિલાડી જાડી,
તેણે પહેરી સાડી,
સાડી પહેરી ફરવા ગઈ,
તળાવમાં તરવા ગઈ,
તળાવમાં તો મગર,
બિલ્લીને આવ્યા ચક્કર,
સાડીનો છેડો છૂટી ગયો,
મગરના મોઢામાં આવી ગયો,
મગર બિલ્લીને ખાઈ ગયો.

ચોરી કરવા ચાલ્યા ચોર,
સોનીપોળમાં થાતો શોર,
સિપાઈ મળ્યા સામા,
બાના ભાઈ તે મામા.

મામા લાવે છૂકછૂક ગાડી,
બાને માટે લાવે સાડી,
સાડીના રંગ કાચા,
બાપના ભાઈ તે કાકા.

કાકા કાકા કારેલાં,
કાકીએ વઘારેલાં,
કાકી પડ્યાં રોઈ,
બાપની બેન તે ફોઈ.

ફોઈ ફૂલડાં લાવે છે,
ફુવાને વધાવે છે,
ફુવા ગયા કાશી,
બાની બેન તે માસી.

ધમાલ ધોકો ધમધમ  થાય,
પાછું વળી જુએ એની પીઠ રંગાય.

નાનુભાઈના ગોરી મારે,
ગરબે રમવા આવો જો;
હું કેમ આવું એકલી,
ને રાતલડી અંધારી જો.

રાતલડી અંધારી જો ને,
શેરી કાંટા વાગે જો;
શેરી કાંટા વાગે તો,
પગના ઝાંઝર ઝમકે જો.

પગના ઝાંઝર ઝમકે તો,
નણદી સૂતા જાગે જો;
નણદી સૂતા જાગે તો,
બે લાડુડી માંગે જો.

બે લાડુડી માંગીને,
ભરી કોઠીમાં નાખે જો;
ભરી કોઠીમાં નાખે તો,
ભરભર ભૂકો થાય જો.

ભરભર ભૂકો થાય તો,
છોકરાં વીણી ખાય જો;
છોકરાં વીણી ખાય તો,
ઝટઝટ મોટાં થાય જો !

શિયાળે શીતળ વા વાય,
પાન ખરે ઘઉં પેદા થાય;
પાકે ગોળ કપાસ કઠોળ,
તેલ ધરે ચાવે તંબોળ.
ધરે શરીરે ડગલી શાલ,
ફાટે ગરીબ તણા પગ ગાલ;
ઘટે દિવસ ઘણી મોટી રાત,
તનમાં જોર મળે ભલી ભાત.

ઉનાળે ઊંડા જળ જાય,
નદી સરોવર જળ સુકાય;
પામે વનસ્પતિ સૌ પાન,
કેસૂડાં રૂડાં ગુણવાન.
સારા હોજ ફુવારા બાગ,
પ્યારા ચંદન પંખા લાગ;
બોલે કોયલ મીઠા બોલ,
તાપ પડે તે તો વણતોલ.

ચોમાસુ તો ખાસું ખૂબ,
દીસે દુનિયા ડૂબાડૂબ;
લોક ઉચ્ચારે રાગ મલાર,
ખેતર વાવે ખેતીકાર.
ચંપા ચમેલી જૂઈ જાઈ,
ફૂલ ગુલાબ ભલા ફુલાય;
છત્રી ચોમાસે સુખ માટ,
ચાખડીઓ હીંડોળા ખાટ.

એક હતો બગલો,
નામ એનું ભગલો;
કાળો કાળો ડગલો,
ડગલો પહેરે બગલો.

બગલો બન્યો વકીલ,
કીડી બોલી, હું અસીલ;
હાથી સામે કરો કેસ,
ખેંચ્યા એણે મારા કેશ.

બગલો કહે રડ નહીં,
હાથીડાથી ડર નહીં;
બંદા વકીલ હીરો છે,
હાથીડો તો ઝીરો છે.

પોલીસને બોલાવું છું,
જેલમાં પુરાવું છું;
બોલો વાત એવી થઈ,
પછી તો જોવા જેવી થઈ.

વાત સુણી ગુસ્સે થયો,
હાથી બગલા પાસે ગયો;
સૂંઢથી ઊંચે પહોચાડયો,
ધડામ દઈને પછાડ્યો.

બગલો બોલ્યો, બાપ રે !
ખાધી મેં તો થાપ રે !
કીડી કીડી મારું માન,
કરી લે તું સમાધાન.

એકડા પછી બગડો,
હાથીડો છે તગડો;
બળીયા સામે પડીએ નહીં,
ખાલી ખોટા લડીએ નહીં.

હાથીભૈનાં જોઈ રુપ,
કીડી ભાગી ગુપચુપ;
પૂંઠે ભાગ્યો બગલો,
ફેંકી દઈને ડગલો.

પાપા પડિયા,
ભાઈ સાથે લડિયાં,
થોડુંક રડિયાં,
આંસુડાં દડિયાં,
ભાઈ ભરે બકી,
જાણે ચકો-ચકી.

નદી કિનારે ટામેટું, ટામેટું,
ઘી-ગોળ ખાતું'તું, ખાતું'તું,
નદીએ નાવા જાતું'તું, જાતું'તું,
અસ મસ ને ઢીલા ઢસ.

ચોખ્ખું ઘરનું આંગણું,
ચોખ્ખો ઘરનો ચોક;
ચોખ્ખો ઘરનો ઓટલો,
ચોખ્ખાં મેડી ગોખ.

ચોખ્ખા ઘર, કપડાં થકી,
માણસ બહુ સોહાય,
શરીર ચોખ્ખું રાખીએ,
રોગ કદી નવ થાય.

નાહ્યેથી તન સાફ રહે,
સાચેથી મન સાફ.
મન, તન, ઘર છે સાફ,
દૂર રહે નિત પાપ.

દીવાળી આવી, શું શું લાવી?
મીઠી મીઠી મીઠાઈ લાવી.

દીવાળી આવી, શું શું લાવી?
ભાવતાં  ભાવતાં ભોજન લાવી,
ઘરમાં-બા'ર દીવા લાવી.

દીવાળી આવી, શું શું લાવી?
એક અનેરો આનંદ લાવી,
ખુશીઓનો ખજાનો લાવી.

દીવાળી આવી, શું શું લાવી?
સંગે મળીએ, ભેદભાવ ભુલીએ,
સાથ મળી સૌ અન્નકૂટ ખાઈએ.

ડોશીમા ડોશીમા ક્યાં ચાલ્યાં?
છાણાં વીણવા...
છાણાંમાંથી શું જડ્યું?
રૂપિયો...
રૂપિયાનું શું લીધું?
ગાંઠિયા...
જે ખાય ગાંઠિયા,
ભાંગે તેના ટાંટિયા.

રવિ પછી તો સોમ છે,
ત્રીજો મંગળવાર,
ચોથો બુધ, ગુરુ પાંચમો,
છઠ્ઠો શુક્રવાર,
શનિવાર તે સાતમો,
છેલ્લો વાર ગણાય,
એમ મળી અઠવાડિયું,
સાત દિવસનું થાય.

| | |
|---|---|
| એક હતો રાજા,<br>ખાતો'તો ખાજા,<br>સોમવારે જન્મ થયો,<br>મંગળવારે મોટો થયો,<br>બુધવારે બુદ્ધિ  આવી,<br>ગુરૂવારે ગાદીએ બેઠો,<br>શુક્રવારે શિકાર ગયો,<br>શનિવારે માંદો પડ્યો,<br>રવિવારે મરી ગયો… | મારી માને એટલું કહેજો,<br>પોપટ ભૂખ્યો નથી,<br>પોપટ તરસ્યો નથી,<br>પોપટ આંબાની ડાળ,<br>પોપટ સરોવર ની પાળ,<br>પોપટ કાચી કેરી ખાય,<br>પોપટ પાકી કેરી ખાય,<br>પોપટ કલબલ કરે,<br>પોપટ મજા કરે !!! |
| તાવડીમાં ટેટો,<br>જીવે તમારો બેટો.<br>તાવડીમાં ઠીકરી,<br>જીવે તમારી દીકરી.<br>દીકરી દીકરી દિવાળી,<br>ટકાની ઘાઘરી સીવાડી,<br>ટકો મૂક્યો ટોડલે,<br>જમાઈ આવ્યો ઓટલે,<br>લે જમાઈડા લેતો જા,<br>ઢીંકા પાટું ખાતો જા. | એન ઘેન દીવા ઘેન,<br>ડાહીનો ઘોડો,<br>ખડ ખાતો, પાણી પીતો,<br>રમતો જમતો છુટ્ટો.<br>હાથમાં લાકડી,  કમળ કાકડી,<br>ભાગો ભીત્તુ ઘોડો ચાલ્યો,<br>દોડો દોડો, ના પકડશો,<br>ડાહીનો ઘોડો,<br>રમતો જમતો છુટ્ટો. |
| પા… પા… પોળી,<br>ઘીમાં  ઝબોળી,<br>બોળીને ખાજો,<br>ગલુ ભાગ દેજો. | પાંચ પાપડ કાચા,<br>પાંચ પાપડ પાકા.<br>પાકા પાકા આપો કાકા,<br>કાચા મેલો પાછા. |

| | |
|---|---|
| એબીસીડી એબીસીડી,<br>ઘોડા દોડાવો.<br>ઘોડાની ટાંગ તૂટી,<br>મલમ લગાવો.<br>મલમ ઉપર માખી બેસી,<br>ચાદર ઓઢાડો.<br>ચાદરનો છેડો ફાટ્યો,<br>દરજી બોલાવો.<br>દરજીની સોય તૂટી,<br>લુહાર બોલાવો.<br>લુહારનો વાંસલો ભાંગ્યો,<br>સુથાર બોલાવો.<br>સુથારનો હાથ તૂટ્યો,<br>ડૉક્ટર બોલાવો.<br>ડૉક્ટરની બેગ ચોરાઈ,<br>પોલીસ બોલાવો.<br>પોલીસની ટોપી ઊડી,<br>તાળી વગાડો . | એકડે એક, પાપડ શેક;<br>પાપડ કાચો, દાખલો સાચો.<br>બગડે બે, રામનામ લે;<br>રામનામ કેવું? સુખ આપે એવું.<br>ત્રગડે ત્રણ, રોટલી વણ;<br>વાટકા ગણ, ઝટપટ ભણ.<br>ચોગડે ચાર, કરજો વિચાર;<br>કોઠીએ જાર, હિંમત ના હાર.<br>પાંચડે પાંચ, ચકલીની ચાંચ;<br>ચકલી ઊડી, હોડી બૂડી.<br>છગડે છ, ભણવામાં ઢ;<br>ઢ એટલે ઢગલો, ધોળોધબ બગલો.<br>સાતડે સાત, સાચી કરો વાત;<br>વાતે થાય વડા, ઘીના ભરાય ઘડા.<br>આઠડે આઠ, વાંચજો તમે પાઠ;<br>પાઠ સાવ સહેલા, ઊઠજો તમે વહેલા.<br>નવડે નવ, માટલીમાં જવ;<br>જવ ગયા સડી, ડોશી ખૂબ રડી.<br>એકડે મીંડે દશ, હવે કરો બસ;<br>ઈલા મોડી જાગી, બસ ગઈ ભાગી. |
| કામમાં નહી રે ખામી<br>પૂછે આવી સામી<br>વાત જાય પામી<br>મામાની વહૂ મામી. | ખાઉધરો કરે ખા..ખા<br>ગવૈયા કરે ગા..ગા<br>કાગડો કરે કા..કા<br>બાપના ભાઈ છે કાકા.. |

બે બિલાડીઓ આવતી'તી,
એક રોટલો લાવતી'તી,
થોડો - ઘણો કરતી'તી,
રોટલા માટે લડતી'તી,
છાપરે વાંદરો બેઠો'તો,
બેઠો બેઠો જોતો'તો,
લાગ આવો શોધતો'તો,
વહેંચી દેવાનું કહેતો'તો,
ત્રાજવે રોટલો તોલતો'તો,
બટકું બટકું ખાતો'તો,
ટુકડો રોટલો વધતો'તો,
મહેનતનો ભાગ માગતો'તો,
લડાઈનો અંત આવી ગયો,
*બેમાં ત્રીજો ફાવી ગયો.*

કાળી ધોળી રાતી ગાય,
પીએ પાણી ચરવા જાય,
ચાર પગ ને આંચળ ચાર,
વાછરડા પર હેત અપાર.
પાછળ પૂંછડા પર છે વાળ,
તેથી કરે શરીર સંભાળ,
કાન શિંગ,બે મોટી આંખ,
પૂંછડાથી ઊડાડે માખ.
નરમ રુવાંટી લિસ્સું અંગ,
ગેલ કરે વાંછરડા સંગ,
દુધ તેનું ધોળું દેખાય,
સાકર નાખી હોંશે ખાય.
દહીં માખણ ઘી તેના થાય,
તેથી બહુ ઉપયોગી થાય.

હાલાં વા'લા ને હલકી,
આંગણે વાવો ગલકી.
ગલકીનાં ફૂલ રાતાં,
ભાઈનાં મામી માતાં,
મામી થઈને આવ્યાં,
ટોપી પહેરી લાવ્યાં,
ટોપીમાં છે નવલી ભાત,
*ભઈલો રમે દી ને રાત.*

માડી રે માડી,
તું કેટલી જાડી,
હું પહેરું ફરાક,
તું પહેરે સાડી.

પપ્પા રે પપ્પા,
માર્યા કરે ગપ્પા,
ગુસ્સે થાય ત્યારે,
મારી દે છે ધપ્પા.

| | |
|---|---|
| એક હતો ભોપો<br>તેણે પહેર્યો ટોપો<br>ટોપો હતો બ્લુ<br>તેમાં હતી જૂ<br>જૂ ભરે ચટકો<br>લાગે મોટો ઝટકો<br>તોય રાખે ટોપો<br>કાઢે નહીં ભોપો<br>ટોપો સાવ ગંદો<br>તેમાં એક વંદો<br>વંદો ફરે માથે<br>ટોપા સાથે સાથે<br>વંદો ભાળે જૂ<br>બોલે સૂ સૂ સૂ<br>જૂને બીક લાગે<br>આમતેમ ભાગે<br>જૂ સંતાય છે<br>વંદો ખીજાય છે<br>વંદો કાઢે ડોળા<br>કરે ખોળંખોળા<br>હડિયાપટ્ટી મચી<br>થાય ગલીપચી<br>ભોળો ખણવા બેઠો,<br>ટોપો પડ્યો હેઠો. | તળાવની પાળે,<br>લીમડાની ડાળે,<br>બેઠાં ચકો-ચકી,<br>વાતો કરતાં માળે.<br><br>તળાવની પાળે,<br>આંબાની ડાળે,<br>ગાતી કોયલડી,<br>રાગે રૂપાળે.<br><br>તળાવની પાળે,<br>વડલાની ડાળે,<br>બેસી કાબરબેન,<br>સૌને નિહાળે.<br><br>તળાવની પાળે,<br>જાંબુડાની ડાળે,<br>જાંબુ ખાઈને વાંદરાભાઈ,<br>ઠળિયા ઉછાળે.<br><br>તળાવની પાળે,<br>પીપળાની ડાળે,<br>પોપટ, મેનાને,<br>હીંચતી નિહાળે. |

મારી બકરી બોલે, બેં બેં બેં,
એ તો સાંજ સવારે દૂધ જ દે,
મારી બકરી બોલે, બેં બેં બેં.
પેલો ઉંદર બોલે, ચૂં ચૂં ચૂં,
કહે રાત તણો હું રાજા છું.
મારી બકરી બોલે, બેં બેં બેં.
પેલી બિલ્લી બોલે, મ્યાઉં મ્યાઉં મ્યાઉં.
કહે રાત તણી હું રાણી છું.
મારી બકરી બોલે, બેં બેં બેં.
પેલો વાંદરો બોલે, હૂપ હૂપ હૂપ,
એને સીંગ-ચણા તો ભાવે ખૂબ,
મારી બકરી બોલે, બેં બેં બેં.
પેલો કૂતરો બોલે, હાઉં હાઉં હાઉં,
મને રોટલો આપો તો ખાઉં ખાઉં ખાઉં.
મારી બકરી બોલે, બેં બેં બેં.

વાદળ ગરજે, વીજળી ચમકે,
ધરતી ધ્રુજે ધમ ધમ.

વાદળ ગરજે, વીજળી ચમકે,
વર્ષા વરસે ઝમ ઝમ.

વાદળ ગરજે, વીજળી ચમકે,
ડુંગર ડોલે ડમ ડમ.

વાદળ ગરજે, વીજળી ચમકે,
ખેતર લીલાં છમ છમ.

વાદળ ગરજે, વીજળી ચમકે,
વાજાં વાગે પમ પમ.

વાદળ ગરજે, વીજળી ચમકે,
ખાતાં છોરાં મમ મમ.

અકલમ ચકલમ ચમચમ
બાળક બોલે બમબમ
ચકલમ પકલમ પમપમ
બાળક બોલે બમબમ
પકલમ મકલમ મમમમ
બાળક બોલે બમબમ
મકલમ ટકલમ ટમટમ
બાળક બોલે બમબમ

ઊઠીને ઝટ,
દાતણ કરું પટ.
નવડાવે બેની,
ને માથે પાડે લટ,
પહેરાવી કપડાં,
ખવડાવે ઝટ.
જાઉં હું નિશાળમાં
દોડી ઝટપટ.

એકડે એક, પાપડ શેક.
બગડે બે, તાલી દે.
ત્રગડે ત્રણ, મણકા ગણ.
ચોગડે ચાર, સોટી માર.
પાંચડે પાંચ, કાગળ વાંચ.
છગડે છ, લડશો નવ.
સાતડે સાત, સાંભળો વાત.
આઠડે આઠ, ભજવો પાઠ.
નવડે નવ, કરો કલરવ.
દસડે દસ, હવે કરો બસ.

એકડે એક, પાપડ શેક.
બગડે બે, ચોપડી લે.
ત્રગડે ત્રણ, વેઢા ગણ.
ચોગડે ચાર, બેડો પાર.
પાંચડે પાંચ, કવિતા વાંચ.
છગડે છ, ન શીખે તે ઢ.
સાતડે સાત, સાંભળો વાત.
આઠડે આઠ, લખજો પાઠ.
નવડે નવ, લડશો નવ.
એકડે મીંડે દસ, હવે કરો બસ.

જાડો પાડો હાથી,
સૂંઢમાં લાવ્યો પાણી,
એ પાણી ગંદું,
સામે આવ્યો ચંદુ,
ચંદુ માથે ચોટલી,
બા બનાવે રોટલી,
રોટલીના કટકા,
ચંદુ કરે લટકા.

એકડે એક, પાપડ શેક.
બગડે બે, રમવા દે.
ત્રગડે ત્રણ, ઝટપટ ભણ.
ચોગડે ચાર, બકરી ચાર.
પાંચડે પાંચ, પુસ્તક વાંચ.
છગડે છ, છત્રીનો છ.
સાતડે સાત, દાંત કરો સાફ.
આઠડે આઠ, શું તમારો ઠાઠ.
નવડે નવ, કરો કલરવ.
એકડે મીંડે દસ, હવે કરો બસ.

હાથીભાઈ તો જાડા,
લાગે મોટા પાડા,
આગળ ઝૂલે લાંબી સૂંઢ,
પાછળ ઝૂલે ટૂંકી પૂંછ.

પાપા પગલી,
ધૂળની ઢગલી,
ઢગલીમાં ઢેલડ,
જીવે મારી બેનડ.

એક પછી બે આવે,
નાના ભાઈને રોટલી ભાવે,
ત્રણ પછી આવે ચાર,
રોટલી સાથે ખાય એ શાક,
પાંચ પછી છ ને સાત,
હવે ખાવાનાં દાળ ને ભાત,
આઠ, નવ પછી દસ,
પેટ ભરાઈ ગ્યું હવે બસ...

ગોળ ગોળ ટામેટું,
ઉંદરે જાણ્યુ બટાટું,
દોડી પહોચ્યા ઝટ,
બટકું ભર્યું ફટ,
સર સર સર સર નીકળ્યો રસ,
ઉંદર કહે છે, બસ બસ બસ,
મેં તો જાણ્યું બટાટું,
આ તો નીકળ્યું ટામેટું.

પતાસાની પોળમાં,
પંદર પગથિયાં,
પંદર ચઢવા, પંદર ઉતરવા,
મહીં મહાદેવના દર્શન કરવા,
દર્શન કરતા રાત પડી,
કાળે સાડલે ભાત પડી,
ભાત માથે ઓટલો,
વાળ્યો ગંગાજીનો ચોટલો,
પાર્વતીને ચઢી રીસ,
પગથિયાં તો થયાં ત્રીસ.

અડકો દડકો દહીં દડુકો,
શ્રાવણ ગાજે પીલું પાકે,
ઊલ મૂલ ધતૂરાનું ફૂલ,
સાકર શેરડી ખાઈ જા ખજૂર,
ખજરે ખજરે આમ છે,
પિતાંબર પગલાં પાડે છે,
મોર પાણી ભરે છે,
ઢેલ પાણી ઢોળે છે,
રાજિયો ભોજિયો,
ટીલડીનો ટચાકીયો.

ટામેટું રે ટામેટું,
ગોળ ગોળ ટામેટું,
લાલ લાલ ટામેટું,
નદીએ નાવા જાતું'તું,
ઘી-ગોળ ખાતું'તું,
અસ મસ ને ઢસ.

એક હતો બાબુ,
એ ગયો આબુ,
કપડે પડ્યું ધાબું,
એણે લગાડ્યો સાબુ,
સાબુનાં ફીણ ધોળાં,
બાબુભાઈ તો ભોળા.

હું નદીઓનો રાજા,
મૂકું ના હું માઝા,
ઉછાળી હું મોજાં મોટાં,
વગડાવું છું વાજાં.

મગરમચ્છ ને માછલી,
રાખું ઉરમાં ઝાઝાં,
શંખ-છીપલાં, કોડી, કચરો,
કાંઠે લાવું ઝાઝાં.

હરવા ફરવા આવે રોજ,
લોકો બનવા તાજાં રોજ,
નાની મોટી નદી કહે છે,
મુજને સાગર રાજા.

બાપા લાગે ભોળિયા,
ખાતા લાડુ ગોળિયા.
હાથી સૂંઢે શોભતા,
ગાગર પેટે ડોલતા.

મહાદેવ મંદિર ગોખમાં,
બાપા બેસે રોફમાં.
શુભ પ્રસંગે ઠેર ઠેર,
ચીતર્યા ભીંતે ઘેર ઘેર.

કરે સવારી ઊંદર પર,
બાપા લાગે ધુરંધર.
ગણપતિ બાપા ગમતા બહું,
વંદન કરતા એને સહુ.

હું ને મારી નાની બેન,
ગણીએ મોઢે વન ટુ ટેન,
એકડ એકથી લખીએ દસ,
ભણવામાં છે અમને રસ.
રોજ કરીએ અમે મુખપાઠ,
ગણતા આવડે એકથી સાઠ,
ગુરુજીનું સાચવીએ માન,
નિત્ય પ્રભુનું ધરીએ ધ્યાન.
દોસ્તો સાથે સાંજે રમીએ,
સંધ્યા કાલે પાછાં ફરીયે,
વાળુ કરી સાંભળીયે ખાસ,
પરીકથા દાદીમા પાસ.

પોપટ ખાય મરચાં,
ચોખા ચણે ચકલાં,
એઠું શોધે કાગડો,
કબૂતર જાર બાજરો.
મોર પંખી રૂપાળું,
જંતુ ખાવાવાળું,
કોયલ કંઠ મીઠો,
આંબા ડાળે ટહૂકતો.
પંખી ઊડે આકાશમાં,
શુદ્ધ હવા લે શ્વાસમાં,
જે મળે તે સુખે ખાય,
ભોળાં પંખી ગીતો ગાય.

અમથાજી રે અમથાજી,
ક્યાં ચાલ્યા અમથાજી ?
પગમાં જોડાં અવળાં પહેરી,
ફરવા ચાલ્યા અમથાજી.
ફાટેલી આ છત્રી લઈને,
રોફે ચાલે અમથાજી.
ધોતિયું ધોળું, કાળી ટોપી,
કોટે શોભે અમથાજી.
નાનાં ચશ્માં  નાકે મૂકી,
છાતી કાઢે અમથાજી.
ઊંચું જોઈ જ્યારે ચાલે,
ગબડી પડતા અમથાજી.
“ઓય” કરીને રાડો પાડે,
લંગડા ચાલે અમથાજી.

માટી હોય તો મૂળ હોય,
મૂળ હોય તો ઝાડ હોય,
ઝાડ હોય તો માળા હોય,
માળા હોય તો પંખી હોય,
પંખી હોય તો પાંખ હોય,
પાંખ હોય તો આકાશ હોય,
આકાશ હોય તો વાદળ હોય,
વાદળ હોય તો વરસાદ હોય,
વરસાદ હોય તો પાણી હોય,
પાણી હોય તો ઝરણાં હોય,
ઝરણાં હોય તો જંગલ હોય,
જંગલ હોય તો મંગલ હોય,
મંગલ હોય તો માણસ હોય,
માણસ હોય તો મંગલ હોય.

વાદળ વાદળ વરસો પાણી
મોજ પડે અમને રમવાની
વાદળ વાદળ વરસો પાણી
વીજળી ચમકે, વાદળ ગરજે,
ઝરમર ઝરમર પાણી વરસે
મોજ પડે હોડી રમવાની
વાદળ વાદળ વરસો પાણી

આવ્યો શિયાળો, આવી ઠંડી,
પહેરો સ્વેટર, મફલર બંડી.
ઊઠો વ્હેલા, દોડ લગાવો,
ઠંડીબેનને દૂર ભગાવો.
જમરૂખ ખાઓ, બોર ખાઓ,
તાપણી ફરતાં બેસી જાઓ.
ચીક્કી ખાઓ, પતંગ ઉડાડો,
પાક્કી દોરી પેચ લગાવો.
કરો યોગ ને કરજો આસન,
તબિયત તો થઈ જાય ટનાટન

બાબુ નિશાળે જાતો'તો,
રોજ નાસ્તો ખાતો'તો.

સોમવારે તો સેવ બનાવે,
મમરા મંગળવારે લાવે.

પીવડાવે દૂધ બુધવારે,
ગોળ પાપડી ગુરુવારે.

ચણા-વટાણા લાવતા,
શુક્રવારે ભાવતા.

વહેલો વહેલો ઊઠી સવારે,
તૈયાર થાતો શનિવારે.

રવિવારની રજા પડે,
રમવાની બહું મજા પડે.

એક બિલાડી ધોળી,
ઊભી બજારે દોડી,
એક દુકાનમાં ઘુસી ગઈ,
બિલ્લી તો બહું રાજી થઈ.
દુકાનમાં તો હતી મીઠાઈ,
મીઠાઈ ખાઈને રાજી થઈ.
ત્યાં તો થાળી નીચે પડી,
કંદોઈને બહું ફાળ પડી.
કીધો બિલ્લીએ સત્યાનાશ,
મારી મીઠાઈનો વાળ્યો દાટ.
એમ કહીને ગુસ્સે થયો,
ઝડપથી એ ઊભો થયો,
પાછળ પડ્યો લાકડી લઈ,
*ત્યાં તો બિલ્લી ભાગી ગઈ.*

મેં એક બિલાડી પાળી છે
તે રંગે બહુ રૂપાળી છે
તે હળવે હળવે ચાલે છે
ને અંધારામાં ભાળે છે
તે દૂધ ખાય દહીં ખાય
ઘી તો ચપ ચપ ચાટી જાય
તે ઉંદરને ઝટ પટ ઝાલે
પણ કૂતરાથી બીતી ચાલે
તેના ડીલ પર ડાઘ છે
તે મારા ઘરનો વાઘ છે

એક હતો ઉંદર,
કોટ પહેર્યો સુંદર
હાથમાં લીધી સોટી
વાતો કરતો મોટી
જો બનું હું અન્નપ્રધાન
કદી પડે ન અન્નની તાણ
ઉંદર સેના ઘૂમતી જાય
ચોકી પહેરો કરતી જાય
કોઠા રોટલા ચરતી જાય
લોકો સૌ વહેંચીને ખાય

નાની એક લાકડી,
હતી મજાની ફાંકડી,
દાદી આવે કાકડી લઈ,
દાદા ચાલે લાકડી લઈ.

બહેની પહેરે બંગડી બે,
ઓઢણી ઓઢી ફરતે એ,
ભાઈને બાંધે રાખડી,
ભાઈ આપે પાપડી.

બે પછી આવે ત્રણ,
ચકલી આવી ચણે ચણ,
રમવા માંડું તેની સાથ,
આંગણે પાડેલી છે ભાત.

મારે આંગણ આવે ગાય,
તેને સુંદર પગ છે ચાર,
સાંજ સવારે આપે દૂધ,
દૂધ પીવડાવે મમ્મી ખૂબ.

પંજાને આંગળીઓ ચાર,
અંગૂઠો મળી થાય છે પાંચ,
શીરો, પુરી ને ભાખરી,
જમું હાથથી હોંશથી.

છોકરાં રે...
હો રે...
દીવાળી આવી,
ક્યાંથી આવી?
ઘરડી તોયે જુવાન જેવી,
ઝગમગતા તારલિયા જેવી,
ઊંડી ગુફામાં સંતાઈ,
વરસ એકને અંતે આવી.

છોકરાં રે...
હો રે...
દીવાળી આવી,
શું શું લાવી?
ફટાકડા ને ફૂલઝર સાથે,
લવિંગીયાની લૂમો લાવી,
રંગબેરંગી બપોરિયાં ને,
ઢગના ઢગ ચાંદલિયા લાવી !

છોકરાં રે...
હો રે...
દીવાળી આવી,
શું શું લાવી?
છોકરાં માટે સુંદર કપડાં
અને હર્ષની છોળો લાવી.
મોઢામાંથી પાણી છૂટે,
એવી મીઠી મીઠાઈ લાવી.

| | |
|---|---|
| મેઘરાજા આવ્યા,<br>અઢળક પાણી લાવ્યા,<br>મહેકી ઊઠી ધરતી,<br>સૌની ચિંતા હરતી.<br><br>ખેડૂત ખેતર ખેડે,<br>ગાયો ચરતી શેઢે,<br>ધાન ઢગલો પાકશે,<br>સૌને સુખી રાખશે.<br><br>મેઘરાજાની જય હો,<br>સઘળે લીલુંછમ હો,<br>સંદેશો દે સુખનો,<br>અંત સઘળાં દુ:ખનો. | શિયાળાનો દા'ડો,<br>થરથર ધ્રુજાવનારો,<br>ગરમ કપડાંનો લ્હાવો,<br>સૌને લાગે વ્હાલો.<br><br>ઉનાળાનો દા'ડો,<br>ટાપ ગરમીવાળો,<br>વેકેશનનો ગાળો,<br>તેથી લાગે વ્હાલો.<br><br>ચોમાસાનો દા'ડો,<br>કાદવ કિચ્ચડવાળો,<br>મેઘ મૂશળધારો,<br>તોયે સૌને વ્હાલો. |
| હસતાં રમતાં ઊઠવાનું,<br>તાજું દૂધ પીવાનું,<br>રોટલી શાક ખાવાનું.<br>ડાહ્યા ડમરા થાવાનું,<br>બાનું કહ્યું માનવાનું,<br>રોજ નિશાળે જવાનું.<br>સાંજે ઘેર આવવાનું,<br>પછી રમવા જવાનું.<br>રમીને વહેલું આવવાનું,<br>દાદા પાસે બેસવાનું,<br>બાની વાતો સાંભળતાં,<br>રાત્રે સમયસર ઊંઘવાનું. | ભાઈ બહેનની જોડી<br>કરતી દોડાદોડી<br>એક હલેસું એક છે હોડી<br>ભાઈ બહેનની જોડી<br>અહીં જાય તહીં જાય<br>દૂધ પીએ દહીં ખાય<br>દહીંની તો છાશ થઈ<br>ભાઈ બહેનને હાશ થઈ<br>છાશમાં છે માખણ<br>ભાઈ દોઢ ડહાપણ<br>એકમેકને ચીડવવાનો<br>બન્નેને છે ચસકો |

દાદાનો ડંગોરો લીધો,
એનો તો મેં ઘોડો કીધો,
ઘોડો કૂદે ઝમઝમ,
ધરતી ધ્રુજે ધમધમ.

ધમધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતો જાય,
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ.

સહુના મનને મોહી રહ્યો,
એક ઝવેરી જોઈ રહ્યો,
ઝવેરીએ તો હીરો દીધો,
હીરો મેં રાજાને દીધો.

રાજાએ ઉતાર્યો તાજ,
આપ્યું મને આખું રાજ,
રાજ મેં રૈયતને દીધું,
મોજ કરી ને ખાધું, પીધું.

છોકરાં રે સાંભળજો વાત,
આવી છે અજવાળી રાત.
રાતે તારા ચમકે છે,
વચમાં ચાંદો ચમકે છે !

ચંદો ઊગ્યો ચોકમાં,
રાણી બેઠાં ગોખમાં.
ગોખે તો સોનાનાં બોર,
માથે બેઠો બોલે મોર !

મોર કરે છે લીલાલહેર,
ટહૂકા કરતો ચારે મેર.
મે'ર કરી ત્યાં મેવલે,
પાની આવ્યાં નેવલે !

નેવે બેઠા બોલે કાગ,
કાગા લાવ્યા મીઠો ભાગ.
કાજુ, બદામ ને રેવડી,
છોકરાંને બહુ મજા પડી !

રાતાં બગલાં રણે ચડ્યાં,
રણ દેખીને પાછા પડ્યાં,
એક બગલાનો ભાંગ્યો હોઠ,
લંકાથી આવ્યો લોટ.

તાર ઉપર આવે તાર,
ઉપર બેઠા જમાદાર,
જમાદારે મારી સીટી,
લંકાથી આવી વીંટી!

| | |
|---|---|
| ગોટલામાં ગોટલી,<br>મમ્મી વણે રોટલી;<br>રોટલી છે વાસી,<br>મમ્મીને બેન તે માસી. | વાડી  વચ્ચે જાંબો,<br>તેની પાસે આંબો;<br>આંબે કેરી પાકી,<br>કાકાની વહુ તે કાકી. |
| કડવી કડવી કારેલી,<br>તેલમાં વઘારેલી;<br>તેલમાં પડી રાઈ,<br>તું છે મારો ભાઈ. | નાની મારી પગલી,<br>જાણે  રૂની ઢગલી;<br>ઢગલીમાં ઢેલડ,<br>તું છે મારી બેનડ. |
| ચાંદામામા પોળી,<br>ઘીમાં ઝબોળી;<br>ઘીના પડ્યા સાંસા,<br>માસીના વર તે  માસા. | ગામના ગોંદરે થઈને,<br>ખળખળ વહે નદી,<br>નદી કિનારે કૂવા,<br>ફઈના વર તે ફૂવા. |
| હાથમાં રાખે લાકડી<br>ચાલ એમની ફાકડી<br>સદાય રહેતાં સાદા<br>બાપના બાપ દાદા | રોટલી આવી વાસી<br>ખાય એ ઉપવાસી<br>થઈ જાય એથી ખાંસી<br>માસાની એ માસી. |
| રાજા જેવા ખાસ્સા<br>નાંખી સીધા પાસા<br>વીસ દિવસના વાસા<br>માસી પાછળ માસા. | દોડી આવે સામા<br>ઘરમાં નાંખે ધામા<br>સૌના છે મનમાના<br>બાના ભાઈ છે મામા. |

| | |
|---|---|
| કાળું ધોળું કાબરચીતરું,<br>કબૂતરુ બહુ ભોળું;<br>ચણ નાખતાં ચણવા આવે,<br>ઘૂ...ઘૂ...કરતું ટોળું. | શાહમૃગ છે પંખી મોટું,<br>ઊડવાનું ના જાણે;<br>ફાળ ભરતું ભાગી જાતું,<br>પછી પકડવું શાને? |
| મોર રૂપાળો કળા કરતો,<br>ટેહૂક ટેહૂક ગાય;<br>છમ્મક છમ્મક નાચે ત્યારે,<br>ઢેલડ રાજી થાય. | ઈયળ સાવ નાની સુંવાળી,<br>સળવળ કરતી જાય;<br>અનાજમાં તો હરફર કરતી,<br>દાણા કોરી ખાય. |
| હંસ તરતો સરોવર જળમાં,<br>મોતી ચારો ચરતો;<br>કમળ સાથે વાતો કરતો,<br>હંસલી સાથે ફરતો. | વન વગડે ને જંગલ મંગલ,<br>સિંહ ભયંકર ડણકે;<br>લાકડી લઈ વનવાસી દોડે,<br>ભેંસ ને ગાય ભડકે. |
| હોલો રાણો ભલો ભોળો,<br>પરભુ પરભુ  ગાય;<br>ટૂંકી ચાંચે દાણા ચણતો,<br>ફરરર ઊડી જાય. | કૂતરો મારો શાણો કેવો,<br>અજાણ્યાને જોઈ ભસતો;<br>ચોકી કરતો ઘરઆંગણે,<br>રાત આખી ફરતો. |
| પોપટ બોલે સીતારામ,<br>સમજનું નહિ એને કામ;<br>સમજ્યા વગર બોલી જાતો,<br>પોપટિયું છે એને જ્ઞાન. | કાંગારુંની પૂછડી એ તો,<br>બનતી એનો ટેકો;<br>પેટ આગળ કોથળી માંહે,<br>બચ્ચાને તો રાખે. |

| | |
|---|---|
| કોયલ રાણી કેવી શાણી,<br>ઈંડા પોતાના સેવે નહીં;<br>કાગડી કેરા માળામાં જઈને,<br>મૂકી આવે તહીં. | જિરાફની તો ડોક લાંબી,<br>ટૂંકા એના કાન;<br>ઊંચા ઊંચા ઝાડો પરથી,<br>તોડી ખાતું પાન. |
| ઐરાવત છે હાથી એવો,<br>સાત સૂંઢવાળો;<br>સૂંઢે સૂંઢે કમળ ધરતો,<br>લાગે બહુ રૂપાળો. | બિલ્લીમાસી ઘરમાં ઘૂસી,<br>ગુપચુપ ગુપચુપ ચાલે જી;<br>રસોડામાં ફરતાં ફરતાં,<br>ઘી દૂધ ચાટે જી. |
| મોટી કાયા લઈને હિપ્પો,<br>પાણીમાંથી આવે;<br>દોડતો ત્યારે લાગે જાણે,<br>પથ્થર કોઈ ગબડાવે. | બકરી પેલી કાળી ધોળી,<br>બેં બેં કરતી જાય;<br>સીમ ખેતરે ચરતી ફરતી,<br>આલો પાલો ખાય. |
| હરણ દેખાય નમાણું,<br>પણ ભરતું લાંબી ફાળ;<br>આંખો એની ચમકીલી ને,<br>ઝડપી એની ચાલ. | અજગર ભારે ભરડો લેતો,<br>ઝાડની ડાળીએ ઝૂકે;<br>તરાપ મારી જીભ લબકારી,<br>શિકાર મોંમાં મૂકે. |
| કાળું કાળું ગલુડિયું,<br>વાઉં-વાઉં વાઉં-વાઉં કરતું;<br>દૂધ પીવા આપું તો,<br>પૂંછડી પટ પટ કરતું. | તબડક તબડક દોડું છું,<br>ઘોડો મારું નામ,<br>ચણા ઘાસ આપો તો,<br>લઈ જાઉં તમારે ગામ. |

જંગલ કેરી ઝાડીમાં તો,
ગેંડો મળ્યો સામો;
જાડો પાડો લાગે જાણે,
હાથીભાઈનો મામો.

ઊંટભાઈ તો ખૂબ ઊંચા,
લાગે સાવ બૂચા;
નાની પૂછડી, ટૂંકા કાન,
ઊંચી ડોકે ચાવે પાન.

રીંછ રૂડું વાળ થરકતું,
છુમછુમ કરતું નાચે;
મદારીની સોટી જોતાં,
છાપું લઈને વાંચે.

તૂંબડાં જેવુ માથું લઈને,
ધમધમ ધમધમ કરતો જાય;
સૂપડા જેવા કાન હલાવી,
ઊભો ઊભો હાથી ન્હાય.

બોલ બંદરિયા હૂપ હૂપ,
ઝૂલા ખા ને ઝૂલ ઝૂલ:
ઝૂલવું જો ના હોય તો,
જાને ભણવા, જલદી સ્કૂલ.

હોંચી હોંચી કરતો ગધ્ધો,
લાંબે સાદે ગાય;
વારે વારે ડફણાં ખાતો,
અક્કલ એની જાય.

ડિલ પર પટ્ટા પીળા કાળા,
જાણે લબડે સાપ;
શિકાર કરવા વાઘભાઈ તો,
મારે મોટી તરાપ.

ગાય રે ગાય, તું મોરી માય,
નિત નિત ડુંગરે ચરવા જાય;
ચરી ચરીને તરસી થાય,
પાણી પીવા તો નદીએ જાય.

કાળી કાળી ટીપકી ડિલે,
ચળકે કાળો રંગ;
ઝાડ ઉપરથી દીપડાભાઈ તો,
મારે મોટી છલાંગ.

સસલાભાઈ તો ભારે બીકણ,
કાતરી ખાતા પાન;
ઉંદરભાઈના મામા એ તો,
લાંબા લાંબા કાન.

| | |
|---|---|
| દેડકાભાઈ દેડકાભાઈ,<br>પાણીમાં તો રહો છો,<br>ડ્રાઉં ડ્રાઉં કરો છો,<br>લાંબો કૂદકો મારો છો. | કાળી કાળી ભેંસ છું,<br>ઘાસ ખૂબ ખાઉં છું,<br>મીઠું દૂધ આપું છું,<br>સૌને તાજા રાખું છું. |
| ચકલી પેલી ચીં...ચીં...કરતી,<br>અરીસામાં જૂએ<br>ટક ટક કરતી ચાંચો મારી,<br>અક્કલ એની ઘુમે. | વાંદરાભાઈ વાંદરાભાઈ,<br>ઊંચી ડાળે હીંચકા ખાય,<br>મીઠાં મીઠાં જાંબુ ખાતાં,<br>હૂપ હૂપ કરતાં જાય. |
| કૂકડા કૂકડા કૂકડે કૂક<br>ગાડી આવી છુક છુક છુક. | પોપટ બોલે સીતારામ<br>પૈસાનું નહીં એને કામ. |
| ચકલી બોલે ચીં... ચીં... ચીં...<br>ટીપું પાણી પી... પી... પી... | બકરી બોલે બેં... બેં...<br>આલો પાલો લે... લે... |
| કાગડો બોલે કા... કા... કા...<br>મોટે સાદે ગા... ગા... ગા... | મીની મીની મ્યાઉં... મ્યાઉં...<br>ઓરી આવ, દૂધ પાઉં. |
| કોયલ બોલે કૂ... કૂ... કૂ...<br>હોલો બોલે ઘૂ... ઘૂ... ઘૂ... | ઉંદર મામા ચૂં... ચૂં...<br>સામે ઊભો હું છું. |
| શું બોલે વાઘભાઈ?<br>ખાઉં...ખાઉં..., ખાઉં...ખાઉં... | શું બોલે ચકલી?<br>ચીં ચીં ચકચક, ચીં ચીં ચકચક. |
| શું બોલે કોયલ?<br>કૂહુ... કૂહુ..., કૂહુ... કૂહુ... | શું બોલે કૂતરો?<br>હાઉ વાઉં, હાઉ વાઉં. |
| શું બોલે કૂકડો?<br>કૂકડે કૂક..., કૂકડે કૂક... | શું બોલે બિલ્લી?<br>મ્યાઉં... મ્યાઉં..., મ્યાઉં... મ્યાઉં... |

## चलो, चलें स्कूल।

पिनल आओ, प्रिया  आओ।
उमेश भैया, दौड़ लगाओ।
किंजल, यश, जाना मत भूल।
चलो,  चलें स्कूल। चलो,चलें स्कूल।
बाला ले लो, सभी किताब।
करना होगा, वहां हिसाब।
नहीं उड़ाओं, कोई धूल।
चलो, चलें स्कूल। चलो, चलें स्कूल।

## गुस्सा

सममुच बहुत बुरा है गुस्सा।
गुस्से में सब उल्टा-पुल्टा।
गुस्से में है तोड़ा-फोड़ी।
गुस्से में है नाक-सिकोड़ी।
गुस्से में है मारा-मारी।
गुस्सा है गड़बड़ बीमारी।
जब आए तब चलता कर दो।
हँसकर मुँह में हलुवा भर दो।

## धूप

लिए हाथ में फूल छड़ी।
आंगन में है धूप खड़ी।
झरने जैसी झरती है।
आंख-मिचौली करती है।
पर्वत पर चढ़ जाती है।
सागर पर इठलाती है।
दिन भर शोर मचाती है।
शाम ढले सो जाती है।

## साल पुराने

साल पुराने जा रे जा
कपड़े नये पहनकर आ।
झगड़ा-कुट्टी, माथा फुट्टी,
नये साल में सबकी छुट्टी,
रोनी-धोनी दूर भगा।
हँसी-हँसी फिर वापस ला।
वैर की बातें, झूठ की बातें,
टूट की बातें, फूट की बातें,
अब न हमको याद दिला।
हँसी-खुशी फिर मेल मिला।

## मुनिया तू शैतान बड़ी

मुझे चिढ़ाकर पूछा करते
मुझसे मेरे दादाजी
बोलो,  तुमको कौन है प्यारा?
मम्मीजी या पापाजी ?
क्या जवाब दूँ सोच-सोचकर
होती मुझको हैरानी,
मम्मी की मैं रानी बेटी
पापा की मैं बिटिया रानी।
मैं कह देती- मम्मी प्यारी,
प्यारे-प्यारे पापाजी,
मम्मी-पापा से भी प्यारे
लेकिन मेरे दादाजी।
दादाजी के होंठों पर तब
आ जाती मुस्कान बड़ी,
कान पकड़कर मेरा कहते-
मुनिया तू शैतान बड़ी।

मोटू हाथी देह विशाल
मन मोहे मस्तानी चाल

जो लड़ता हो जाता ढेर
जंगल का राजा है शेर

देख भयानक काला साँप
अच्छे-अच्छे जाते काँप

रंग-बिरंगी सुन्दर तितली
सबका चित्त चुराने निकली

काले-काले बदरा घोर
पंख सजाकर नाचे मोर

लम्बी गर्दन लम्बे पैर
ऊँट कराये रेत पे सैर

काला कौआ चतुर सुजान
काली कोयल मीठी तान

बड़े शौक से मिर्ची खाता
तोता रट्टा खूब लगाता

बेहद कोमल गुदगुदा
खरगोश पे सब फ़िदा

है मानों मासूम परी
नन्ही-प्यारी गिलहरी

सीधा, शांत, निरन्तर काम
फिर भी गधा बड़ा बदनाम

खौं-खौं करके नकल उतारे
बन्दर मामा सबसे न्यारे

चीते से मत लेना होड़
सबसे तेज लगाता दौड़

नन्ही चींटी बड़ी मेहनती
आलस क्या है, नहीं जानती

मित्र किसानों का कहलाता
केंचुआ मिट्टी खाद बनाता

वीर-योद्धा करते यारी
घोड़ा सबसे शान सवारी

बिन पैसे का चौकीदार
कुत्ता बेहद वफादार

दूध जैसी श्वेत काया
हंस ने मन स्वच्छ पाया

सीधी-सच्ची मेरी गइया
इतनी अच्छी जैसे मइया

इनको भी है खुद से प्यार
कभी न इन पर करो प्रहार।।

## टिन्नीजी

टिन्नीजी ! ओ टिन्नीजी !
ये लो एक चवन्नी जी।
बज्जी से प्यारा-प्यारा
ला  दो छोटा गुब्बारा।
ऊपर उसे उड़ाएँगे,
आसमान पहुँचाएँगे।

टिन्नीजी ! ओ टिन्नीजी !
ये लो एक चवन्नीजी।
बज्जी से ताजी-ताजी
लाना पालक की भाजी।
घर पर उसे पकाएँगे,
साथ बैठकर खाएंगे !

टिन्नीजी ! ओ टिन्नीजी !
ये लो एक चवन्नीजी।
जल्दी से बज्जी जाना,
एक डुगडुगी ले आना।
डुग-डुग उसे बजाएँगे,
मिलकर गाने गाएँगे ।

## टीचर जी

टीचर जी, ओ टीचर जी
गिनती खूब सिखाओ जी,
लेकिन पहले बल्बों में
बिजली तो ले आओ जी!
सूरज जी, ओ सूरज जी
कभी देर से आओ जी,
रोज पहुँचकर, सुबह सुबह
यों ना मुझे जगाओ जी!
छुट्टी जी, ओ छुट्टी जी
लो यह टॉफी खाओ जी,
बस, इतनी सी विनती है
जल्दी-जल्दी आओ जी।
पापा जी, ओ पापा जी
बहुत न रोब जमाओ जी,
दूध कटोरी में पीकर
चम्मच से खिलाओ जी।

## ऐसा क्यों होता है ?

अपनी बकरी काली फिर भी, देती दूध सफेद
नहीं समझ में आया अब तक, क्या है इसका भेद ?
पत्ती होती हरी,  हथेली पर रचती है लाल,
जाने कैसी करती मेंहदी,  जादू-भरा कमाल ?
मुट्ठी में हर चीज पकड़ लो, हवा न पकड़ी जाती,
जाने ऐसा क्यों होती है, मैं ये समझ न पाती।
मम्मी से पूछो तो कहती- खा मत यहाँ दिमाग
पापा कहते- जा मम्मी के पास चली जा भाग।

## एक था तोता

एक था तोता, एक था तीतर,
टाँय टूँ, टाँय टूँ, दोनों आए भीतर।
टाँय टूँ, टाँय टूँ, दे दो एक दाना,
मैंने कहा, पहले सुनाओ एक गाना।
टाँय टूँ, टाँय टूँ दोनों लगे गाने,
गाने क्या लगे, मेरे कान लगे खाने।
दाने कुछ फेंक दिए, मैंने उनके आगे,
टाँय टूँ, टाँय टूँ करते हुए भागे।

## चंदा मामा

चंदा मामा गोल मटोल,
कुछ तो बोल, कुछ तो बोल।
कल थे आधे, आज हो गोल
खोल भी दो अब अपनी पोल।
रात होते ही तुम आ जाते ,
संग साथ सितारे लाते।
दिन में न जाने कहां छिप जाते,
कुछ तो बोल, कुछ तो बोल।

## बंदर मामा

बंदर मामा, पहन पजामा
निकले थे बाजार (२)
जेब में उनके कुछ थे पैसे
करना था व्यापार(२)
एक दुकान थी बड़ी सजीली
वहां बनी थी गर्म जलेबी
मामा का मन कुछ ललचाया
क्या लेना था याद न आया
गर्म जलेबी खाई झट से
जीभ जल गई फट से, लप से
फेंका कुर्ता फेंकी टोपी
और भागे फिर घर को
दोबारा फिर खाने जलेबी
कभी न गए उधर को।

लला लला लोरी
दूध की कटोरी
दूध में बताशा
मुन्नी करे तमाशा

आलू कचालू बेटा कहाँ गए थे
बैगन की टोकरी में सो रहे थे
बैगन ने लात मरी रो रहे थे
मम्मी ने प्यार किया हंस रहे थे

चंदा मामा आओ ना
दूध बताशा खाओ ना
मीठी लोरी गाओ ना
बिस्तर में सो जाओ ना

# ધોરણ – ૧થી ૫ માટે ખૂબ જ ઉપયોગી
# વિશેષ સંપાદનો – પીડીએફ (ફ્રી)

૧. બાળગીત સંગ્રહ :ગુજરાતી/હિન્દી/અંગ્રેજી ભાષાનાં જાણીતાં અને ગાઈ શકાય તેવાં ૧૨૫થી વધારે બાળગીતોનું ચિત્રો સાથે સંકલન

૨. ઉખાણાં સંગ્રહ :૪૦૦થી વધારે ઉખાણાંનો સંગ્રહ

૩. જોડકણાં સંગ્રહ : ગાવાં ગમે તેવાં જોડકણાંનો સંગ્રહ

૪. પર્યાવરણપુષ્પ :ધોરણ ૩ થી ૫નાં બાળકોના પર્યાવરણના જ્ઞાનને સમૃદ્ધ કરતી પુસ્તિકા

૫. EASY ENGLISH –બાળકોને જાતે અંગ્રેજી શીખવા માટે

૬. ધોરણ ૩ થી ૫ : ગણિત TLM BOOK

૭. વાચનવેલ – વાચન શીખવવા ઉપયોગી પુસ્તિકા (પ્રસિદ્ધ)

૮. વાચનપુષ્પ – ૧ (ધોરણ – ૧ માટે)

૯. વાચનપુષ્પ – ૨ (ધોરણ – ૨ માટે)

૧૦. શબ્દસૌરભ – વાચન સાથે લેખન મહાવરા માટે

૧૧. ગણિત ગૃહકાર્ય – ધોરણ ૩ થી ૫ માટે બેઝીક મહાવરો

૧૨. સમાનાર્થી શબ્દપોથી – સમાનાર્થી શબ્દોના મહાવરા માટે

૧૩. સામાન્ય જ્ઞાન ગુજરાત – ગુજરાતની જાણવા જેવી માહિતી

**ઉપરના તમામ સાહિત્યની ફ્રી પીડીએફ મેળવવા માટે**


**લેખક / સંપાદક**

**રાજેશકુમાર એસ. પટેલ**

**મદદનીશ શિક્ષક**

**નવાપુરા પ્રાથમિક શાળા**

**તા. ખંભાત જિલ્લો: આણંદ**

**M. 9624259200**

## વાચનપુષ્પ ભાગ ૧ થી ૧૦ – પ્રકાશિત થઇ ગયેલ છે.





**૩૨– ૩૨ રંગીન પેજ ધરાવતી ૧૦ પુસ્તિકાઓ, કુલ પેજ ૩૨૦**

**૧ થી ૧૦ ભાગના ૧ સેટની કિંમત માત્ર ૧૩૦ રૂપિયા**

## ગુજરાતના કોઈ પણ શહેરમાં કુરિયર ફ્રી

# લેખનનો મહાવરો આપતું સ્વપ્રકાશિત પુસ્તક




**૧૩૨ પેજ – કિંમત માત્ર ૪૫ રૂપિયા**

**૧૦ કે તેથી વધારે નકલ માટે ગુજરાતના કોઈ પણ શહેરમાં કુરિયર ફ્રી**

# લેખક / સંપાદક પરિચય



નામ : રાજેશકુમાર એસ. પટેલ

વ્યવસાય : પ્રાથમિક શિક્ષક

શાળા : નવાપુરા પ્રાથમિક શાળા

તાલુકો : ખંભાત જિલ્લો : આણંદ

વિશેષ કામગીરી : સ્ટેટ પ્રજ્ઞા કોર ટીમ સભ્ય

લાયકાત : પી.ટી.સી. (૧૯૮૯) બી.એ. (૨૦૧૬)

વિશેષ : HTAT પાસ ૨૦૧૭ – ૧૧૯ ગુણ (રાજ્યમાં પ્રથમ)

જન્મ તારીખ: ૨૪/ ૧૧/ ૧૯૭૧

વતન : રામનગર તા. દહેગામ. જિલ્લો: ગાંધીનગર

રહે. : ખંભાત, જિલ્લો: આણંદ M. 9624259200

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ ગામે ૪/૦૩/૧૯૯૧ના રોજ પ્રાથમિક શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર શ્રી રાજેશકુમાર એસ. પટેલ હાલમાં આણંદ જિલ્લાના ખંભાત તાલુકાની નવાપુરા પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહેલ છે. તેઓએ ૧/૬/૨૦૦૨થી ૧૧/૦૪/૨૦૧૭ સુધી સી.આર.સી. કો ઓર્ડિનેટર તરીકે અને ૨૦૧૧માં બી.આર.સી. કોઓર્ડિનેટર તરીકે પણ કામ કરેલ છે. ૨૦૧૭માં લેવાયેલ HTATની પરીક્ષા સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે પાસ કરેલ છે. વળી "વર્ગ એ જ મારું સ્વર્ગ" અને "હું પ્રાથમિક શાળાનો શિક્ષક છું, પ્રાથમિક કક્ષાનો નહિં."”તેવા ઉચ્ચ વિચારને વરેલ તેઓએ જૂન ૨૦૧૧થી એપ્રિલ ૨૦૧૭ સુધી આણંદ જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ પેડાગોજી કોઓર્ડિનેટર તરીકે પણ વિશેષ કામગીરી દ્વારા શિક્ષણની ગુણવત્તા સંદર્ભે કામગીરી કરેલ છે. ૨૦૧૦થી પ્રજ્ઞા સ્ટેટ કોર ટીમના સભ્ય તરીકે ધોરણ ૧ થી ૫ પ્રજ્ઞામાં ગણિત વિષયમાં લેખક તરીકે કામગીરી પણ કરેલ છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાના તજ્ જ્ઞ તરીકેની કામગીરી સાથે વિવિધ તાલીમ સાહિત્ય નિર્માણ અને સમીક્ષા કામગીરીમાં પણ સક્રિય રહ્યા છે. આણંદ જિલ્લામાં પ્રજ્ઞા અભિગમના માર્ગદર્શન અને અમલીકરણ માટે પણ તેઓ હંમેશાં પ્રયત્નશીલ રહ્યા છે.

સતત નૂતન સાહિત્ય સર્જન એ એમનો ખાસ શોખ રહ્યો છે. EASY ENGLISH, વાચનપુષ્પ–૧, વાચનપુષ્પ–૨, પર્યાવરણપુષ્પ, બાળગીતપોથી, ઉખાણાંબુક, જોડકણાંબુક, MATHS TLM, શબ્દસૌરભ, સ્વતંત્ર લેખન, ગણિત ગૃહકાર્ય, જનરલ નોલેજ (ગુજરાત) વગેરે જેવાં ઉપયોગી સંપાદન/સર્જન તેઓ આપી ચૂક્યા છે. વાચન અને લેખન મહાવરા માટે અત્યંત ઉપયોગી તેમનાં ૧૨ પુસ્તકો પ્રકાશિત થઇ ચૂક્યાં છે. વાચનવેલ ઈન્કા પ્રકાશન, અમદાવાદ દ્વારા અને વાચનપુષ્પ ભાગ ૧ થી ૧૦ અલંકાર પબ્લિકેશન, ભાવનગર દ્વારા પ્રકાશિત થતાં સમગ્ર રાજ્ય માટે ઉપલબ્ધ છે, જ્યારે લેખન મહાવરા માટે અત્યંત ઉપયોગી શબ્દસૌરભ જાતે જ પ્રકાશિત કરેલ છે. સ્વપ્રકાશિત વાચનવેલ અને શબ્દસૌરભ પુસ્તકોની ૧૦ હજારથી વધારે નકલ પડતર ભાવે હાથોહાથ વેચાઈ ચૂકી છે. ૨૦૧૮માં તેઓ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અને નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત થયેલ છે. તેઓ હંમેશા હકારાત્મક રહી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત રહેલ છે. સરળ સ્વભાવ અને સૌને મદદરૂપ થવાની ભાવનાને કારણે તેઓ શિક્ષકોમાં ખૂબ જ લોકપ્રિય રહ્યા છે.